# ઇમોશન્સ

**એ** સાંજે ગુજરાતના પાટનગર ગાંધીનગરના ટાઉનહૉલની હરિયાળી લૉન,
સાંજના ઢળતા સૂર્યના પ્રકાશથી જ વધુ લીલીછમ્મ લાગતી હતી એવું નહોતું...
...ખરેખર તો એક લીલાછમ્મ વ્યક્તિત્વની હાજરીમાત્રથી
તૃણથી વૃક્ષ સુધી જાણે આખુંય ઉપવન હિલોળે ચઢ્યું'તું!

લગભગ સપ્રમાણ શરીર... સફેદ પાયજામા પર ઝીણી ચેક્સવાળો ગ્રે કલરનો ઝભ્ભો...
ખભા પર ફિટ થવા જ સર્જાયેલો હોય એવો થેલો અને એમનાં ઉદાસ ચશ્માં...

કૅમેરા મંડાણો'તો એક એવી શખ્સિયત પર...
જેની પાણીદાર આંખો કૅમેરાના લેન્સને અને લેન્સમૅનને આરપાર ઘાયલ કરી રહી હતી.
અને વૃક્ષને અઢેલીને ઊભાં ઊભાં એ કશુંક ગણગણી રહ્યા હતા.

*'મારી અભણ આંખને ભણવા મેલી તોય ઠોઠની ઠોઠ,*
*સપનાનું દફ્તર ને એમાં વણઝારાની પોઠ!'*

એમનો અવાજ છેક ફેફસાંમાંથી આવતો હતો. એ અવાજમાં પાઇપની તમાકુની જેવું કંઈક માદક હતું.
એક નમકીન ખુશ્કી! બીડી જલાવવાની એમની અલગ જ અદા હતી.
એ સ્મિત કરતા, પણ એ સ્મિતમાં ક્યાંક વેદનાની આછી કસક સાંભળી શકાતી હતી, સતત!

એમના વ્યક્તિત્વમાં એક ખુલ્લાપણું હતું ને છતાં ક્યાંક કશુંક ખાનગી... સાવ અંગત પણ હતું.
આશરે સાડા પાંચ ફૂટની ઊંચાઈનો એ શખ્સ જાણે સાડા પાંચ લાખ માળવાનો ધણી હોય
એવો રઈસી મિજાજ ધરાવતો હતો. કદાચ 'કવિતા'નો મિજાજ હતો એ...

એના છ અક્ષરના નામની આરપાર નીકળી ગયેલો એ 'બાવન બારો' કવિ એટલે રમેશ પારેખ!

કવિતા એને માટે આરાધના હતી, અને આબોદાના પણ!
શબ્દને એક ઉષ્ણતામાન આપ્યું રમેશ પારેખે.
આવા શબ્દશિલ્પી 'ર.પા.'ની કવિતા અને મારા કૅમેરા વચ્ચેનો સંબંધ હજુ તો માંડ બંધાયો'તો
અને એક દિવસ સાવ અચાનક 'અદશ્ય' થઈ ગયા...

શેષ રહી ફક્ત તસવીરો... એ તસવીરો, જે ઍટ લીસ્ટ 'ર.પા.'નું વાતાવરણ ઊભું કરી આપતી હતી.
એ તસવીરો, જેમાં 'ર.પા.'ની 'ચશ્માં વગરની આંખો',

એમની ભાષામાં - 'મારી નગ્ન આંખો' આજીવન કોતરાઈ ગઈ હતી...
એમને ભારે વિસ્મય હતું – એમના ચશ્માં વગરના ચહેરાનું...
પોતાની જ કોરી આંખોની ભીનાશમાં ખોવાઈ જતા 'ર.પા.'ને મેં સાવ નજીકથી જોયા છે...

'આ તો મારી અંદર બેઠેલા રમેશ જેવા જ લાગે છે, હોં!' – ર.પા. ઉવાચ.

હેન્રી ડેવિડ થોરોનું વિધાન હતું કે, 'હજી સુધી હું એવા મનુષ્યને મળ્યો નથી, જે ખરેખર જાગી ગયો હોય...
એવા મનુષ્યની આંખમાં આંખ પરોવી શકું – એ શક્ય ખરું?'

'ર.પા.' સાથેના અલ્પથી અતિ સુધી વિકસી રહેલા સંબંધમાં સતત એક જ ફીલિંગ હતી તે એ જ કે,
એની આંખમાં આંખ પરોવવી ખૂબ મુશ્કેલ હતી... અને જો આંખ પરોવાઈ તો ખલ્લાસ!
એ અતલ ઊંડાણમાંથી નીકળવું અસંભવ!
એ સંદર્ભે – 'આ કવિ કાંઈક ભાળી ગયો છે' – એવા મોરારિબાપુના વિધાન સાથે સંમત થવું જ પડે!

વહાલથી 'ર.પા.' તરીકે પોંખાતા આ છ અક્ષરના નામ – રમેશ પારેખે ભાષા અને લય પાસે કયું, કેવું અને કેટલું કામ લીધું છે તેનો વિચાર કરીએ તોય હાંફી જવાય.

આજથી વર્ષો પહેલાં 1967ના કોઈ એક બુધવારે રાત્રે અમદાવાદમાં 'કુમાર' કાર્યાલય ખાતે યોજાયેલી બુધસભામાં ઉપસ્થિત કવિઓ સ્વ. બચુભાઈ રાવતના મુખેથી એક નવોદિત કવિની કાવ્યરચના સાંભળીને ડોલી રહ્યા હતા.

*હુંય તે મૂઈ, ક્યારથી છાનો, એય મારાથી બોલકો સૂડો પાળું?*
*ઝાડ લીલું કુંજાર ઘટાટોપ ડાળીએ બેઠો કેમ રે સૂડો ભાળું?*

આ ગીત 'કુમાર'ના ફેબ્રુઆરી, 1968ના અંકમાં પ્રસિદ્ધ થયું.
અને પછી તો સર્જકતાથી ફાટફાટ થતો આ કવિ વૈવિધ્ય અને વૈપુલ્યના પૂર પેઠે ગુજરાતી કવિતા પર ત્રાટકે છે. અને પૂરનો સ્વભાવ છે ડુબાડવાનો... કશાયને પણ તાણી જવાનો.

માત્ર ત્રણ વર્ષના ટૂંકા સમયગાળામાં 'ર.પા.' ગુજરાતી કાવ્યપ્રેમીઓ પર છવાઈ ગયા, અને છેક ત્યારથી શરૂ થયેલી 'ર.પા.'ની કવિતાયાત્રાને કોઈ પૂર્ણવિરામની સાડાબારી ન રહી. બંધ હોઠમાં સોળ વરસની કન્યા આળસ મરડે એવી અને એટલી જ ઉંમરની કવિતા 'ર.પા.' આજીવન જાળવી શક્યા.

'ઇમોશન્સ' એ 'સોનલ' નામનો લીલોછમ પ્રદેશ છે!
જેના પાને પાને 'ર.પા.'ની કવિતા વાચક પર 'ખુલ્લી તલવાર'ની જેમ જનોઈવઢ ઘા કરશે.

કોણ છે આ સોનલ? ક્યાં છે? - એવું થાય છેને? એની સાથે આપણને શું નિસબત?

સુ.દ.નું અર્થઘટન કહે છે કે, એ તો 'ગયા જનમનો ડૂમો' પણ હોઈ શકે...
કે પરબીડિયામાં પડી રહેલો, નહીં વંચાયેલો પત્ર હોઈ શકે કે સંબંધ પછીની સ્મૃતિ કે વિસ્મૃતિનું વલખું પણ હોઈ શકે. જે હોય તે. ઇમોશન્સ એ કાલ્પનિક વાસ્તવિકતા છે અથવા વાસ્તવિક કલ્પના છે!
અને આ સોનલ આપણા આ જનમની અભિવ્યક્તિ છે તો આવતા જનમનું આશ્વાસન છે. શબ્દો વાવીને જેણે કવિતા ઉગાડી છે, એવી ગુજરાતી કવિતાજગતની એક દંતકથા, પાનખર વિનાનું સદાબહાર વાસ્તવિક નામ રમેશ પારેખ એટલે શબ્દકોશમાં સીમાડા ઓળંગી ગયેલો બારાખડી બહારનો કવિ.

'ર.પા.'ની એક કેફિયત નોંધવા જેવી છે, 'કશાય દિવ્ય અનુભવનો તો મારો દાવો જ નથી. દાવો છે, તો – ઝાંખા પરંતુ સાચા અનુભવનો. કારણ કે આંસુ આવ્યાં છે. તરફડ્યો છું કોઈ કારણ વિના, એકલો એકલો...'

ઋગ્વેદના શબ્દો કહે છે : 'अवृके क्षेषयन्तः'
નિષ્કપટ મનુષ્યના હૃદયમાં (પ્રભુ) વસે છે.

'ર.પા.' એક હૃદયનું નામ છે!

આ પુસ્તકને સમૃદ્ધ કરવામાં મૂર્ધન્ય સાહિત્યકારો અનિલ જોશી તથા રજનીકુમાર પંડ્યાનો અમૂલ્ય સહકાર સાંપડ્યો. ૨૦૨૨/૨૩ દરમ્યાન બન્ને મહાનુભાવો સાથે નિયમિત વાતો થતી રહી જેના કારણે રમેશ પારેખ વિશેની ઘણી અજાણી પણ રસપ્રદ બાબતો ઉજાગર થઈ, જે એમના લેખોમાં તેમણે સુપેરે વર્ણવી છે. આજે શબ્દસ્થ થઈ ચૂકેલી બંન્ને વિભૂતિઓને આ ક્ષણે ભીના હૃદયે સ્મરું છું. આ ઉપરાંત અમરેલીના કવિશ્રી પ્રણવ પંડ્યાનો ફાળો અપ્રતિમ છે. રમેશ પારેખ લિખિત અને હાલ લગભગ અપ્રાપ્ય બનેલો વાર્તાસંગ્રહ પ્રણવે ઉપલબ્ધ કરી આપ્યો એટલું જ નહીં, એ સિવાય એમની કૉલમો તથા હસ્તલિખિત પ્રતો મેળવી આપી. મુંબઈના મિત્ર સિંધુ મહેતાએ રમેશ પારેખના લાખેણા સન્માન સમયની અલભ્ય તસવીરો મોકલી આપી. તો ઠેઠ અમેરિકાથી ગીની માલવિયાએ વર્ષ ૨૦૦૬ના કવિતાસૃષ્ટિના અંકો પૂરા પાડ્યા. અમદાવાદના મિત્ર કવિશ્રી ભાવેશ ભટ્ટે પુસ્તકની ડમી જોઈ ઉપયોગી સૂચનો કર્યાં. અને રસીલાબહેન તથા નીરજ પારેખ, જેમણે અત્યંત આત્મીય ભાવથી સંમતિ આપી, આ પ્રકાશન માટે. આ પુસ્તકની વૈવિધ્યપૂર્ણ સામગ્રી માટે આ તમામ મિત્રોનો ઋણી રહીશ.

એમના વિશે બધાએ બધું જ કહ્યું છે અને લાગે છે કે બધું નથી કહી શકાયું! એ શક્ય પણ નથી, કારણ કે 'ર.પા.' 'ગઈકાલની સાંજ' જેટલા પાસે છે અને આવતીકાલની સવાર જેટલા દૂર પણ નથી ગયા!

વાવાઝોડું પી ગયેલા કવિ રમેશ પારેખના નિતાંત મૌનનાં મખમલી ક્લોઝઅપ્સ એટલે 'ઇમોશન્સ'!

www.sanjayvaidya.in





# હસ્તાક્ષર

મને ખુશ્બૂની જેટલું તું વ્હાલ કર!

નીકળ્યો તો પાંચમી દિશાને અડકવા
એ હાથ મારો ખોવાયો ધૂળમાં
દરિયાની જેમ મને કાંઠે ના ફેંક,
મારાં મૂળને તું રોપ તારાં મૂળમાં

તારા ઉત્સવમાં ઊડતો ગુલાલ કર!
મને ખુશ્બૂની જેટલું તું વ્હાલ કર!

ચાહું છું જેટલું હું ખોવાયા હાથને
એટલી ચાહું છું તને, સોનાં!
તું ને મારો હાથ બેઉ નક્કી કરો કે,
મારી આંખનાં આ ઝળઝળિયાં કોનાં?

મને ફૂલોની જેમ ના સવાલ કર!
મને ખુશ્બૂની જેટલું તું વ્હાલ કર!

૧.૭.૮૯/શનિ

રમેશ પારેખ





# ‘ર.પા.’ વિશે રમેશ પારેખની કેફિયત

**મા**રી સ્વ. બા ધાણીફૂટ કાઠિયાવાડી બોલી બોલતાં. અમરેલી મૂળે તો ખોબા જેવડું પણ ગાયકવાડી સૂબાની કચેરી અહીં રહેતી થઈ ત્યારથી દિનપ્રતિદિન વિકસતું ગયું. ’૪૭ પછી તો તેનું શહેરીકરણ થતું રહ્યું છે. લોકોની જીભ પર ‘સુધારુ’ ભાષાનો ગિલેટ ચડતો રહ્યો છે. મારી બા જેવાં કેટલાકની વાણી ‘શુદ્ધ’ રહી ગયેલી. આ વાણી, આ ભાષામાંથી મારી જીભના માપનો જોડો સિવાયો છે. મારી ભાષામાં, બોલચાલની લઢણમાં જે ખરબચડાપણું છે તે કાઠિયાવાડી ભાષાની વળોટની અસરને લીધે છે.

મારી સાત પેઢીમાં કોઈ સાહિત્યકાર જન્મ્યાની માહિતી નથી. મને હસવું આવે હું કે તો પછી તેલ, પળી ને ત્રાજવું મૂકી હું કવિતા જોડતો કેમ થયો? ઘરમાં સાહિત્યનું વાતાવરણ નહીં, ગામમાંય નહીં, આગળ વધીને કહું તો આખા અમરેલી જિલ્લામાં નહીં! બા ચાર-પાંચ ચોપડી ભણેલાં. હાથમાં આવે તે પુસ્તક કે ચોપડી વાંચી કાઢે. મોટા ભાઈ ભાવનગરની શામળદાસ કૉલેજમાં બે વર્ષ ભણ્યા. આ અરસામાં તેમની આગળના ક્લાસમાં શ્રી હરીન્દ્ર દવે ભણતા ને કૉલેજના મૅગેઝિનમાં લેખો લખતા એ મેં વાંચેલા પણ કંઈ ચાંચ બૂડી નહોતી. મોટા ભાઈ હાઇસ્કૂલમાં હતા ત્યારથી તેમને હસ્તલિખિતમાં અંકો તૈયાર કરવાનો શોખ. અહીંતહીંથી ગમેલી સામગ્રીઓ પોતાના હસ્તલિખિત અંકમાં ઉતારતા. એમને કૉલેજમાં કવિ શ્રી કાન્તનો ‘પૂર્વાલાપ’ ભણાવાતો. એમાંના ‘વસંતવિજય’ કાવ્યથી પ્રભાવિત થઈ મોટા ભાઈએ ‘પ્રકૃતિવિજય’ શીર્ષકવાળું, સળંગ અનુષ્ટુપમાં, દીર્ઘ કાવ્ય લખી ‘કુમાર’ને વારંવાર મોકલ્યું. શ્રી બચુભાઈ રાવતે ફરીફરી સુધારવા મોકલ્યા કર્યું. આ બધું હું સાક્ષીભાવે જોતો. આ વખતે હું દસેક વર્ષનો હોઈશ. એક દિવસ થયું, હુંય આવું લખું! ખૂબ મથામણને અંતે ‘હે પ્રભુ તમને નમું છું હાથ જોડીને, અરે!’ આવી બે-ચાર પંક્તિઓ લખી. આ તો હરિગીત! કેવી રીતે આવડ્યો તો કે’ અમારે ‘મણિકાન્ત કાવ્યમાલા’ નામની એક ચોપડી હતી. તેમાં બહેન હીંચકે બેસી ‘શશિકાંત, મારાં લગ્નની કંકોતરી આ વાંચજો, કંકુ નથી, મમ રક્તના છાંટા પડ્યા અવલોકજો...’ ગાતી. એના કરુણાલાપથી હૈયું ભરાઈ આવતું, ખબર પડે નહીં કે સાલું, આવું કેમ થાય છે. બહેન હીંચકતી મને ખોળામાં સુવડાવી, થાબડે ને ઊંઘાડી દે. એ હરિગીત છંદ છે એવી તો બહુ પાછળથી ખબર પડેલી પણ કાનને હરિગીતનો પરિચય થઈ ગયો હતો. આ જ રીતે હું જે કોઈ છંદ કે લય શીખ્યો છું તે કાન દ્વારા શીખ્યો છું. છંદ અને અલંકાર પ્રત્યક્ષ રીતે ભણ્યો છું, ત્યારે તેમાં ભયંકર કંટાળો આવ્યો છે. હું ‘યમાતારાજભાનસલગા’ એવું માંડમાંડ ગોખી શક્યો હતો, પણ એ યાદ રહ્યા પછી શું કરવા



ગોખ્યું હતું તે ભૂલી ગયો હતો!

હરિગીતની પેલી પહેલી પાંચ પંક્તિઓ પછી પ્રભુજી પ્રસન્ન થયા નહીં એટલે પ્રભુજીને અને પદ્યને મૂક્યાં પડતાં ને વ્યાયામ મંદિરમાં જવાનું શરૂ કર્યું. અમરેલીમાં બાલપુસ્તકાલય પણ ખરું. પુસ્તકાલયમાં 'બાલમિત્ર', બાલજીવન', 'ગાંડીવ' વગેરે માસિકો આવતાં તે વાંચવા જતો.

એક દિવસ ઓચિંતો ચિત્રો દોરવાનો ચસકો લાગ્યો. (મોટા ભાઈ દિવાળીના દિવસે અવનવી રંગોળી દોરતા એનાથી પ્રેરાયો હોઈશ?) બકરીના પૂંછડીના વાળ કાપ્યા, દાતણ સાથે બાંધ્યા ને પીંછી બનાવી. ચાંદલો કરવાનું કંકુ, હળદર ને આંજણની ડબ્બીમાંથી રંગો બનાવ્યા. એક ચિત્ર બનાવ્યું. શ્રીલક્ષ્મીજીને ઓળખી શક્યા નહીં. કોઈએ 'રાક્ષસ' કહ્યું તો કોઈએ 'બિલાડી' કહ્યું! છતાં મારું ચિત્રકામ અટક્યું નહીં. પછી તો એવો હાથ બેસી ગયો કે પરીક્ષા બોર્ડ પૂણે તરફથી લેવાતી ઇન્ટરમિડિયેટ ડ્રૉઇંગની પરીક્ષામાં જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સ-મુંબઈમાં ભણવા જવાના મનોરથ હતા પણ આર્થિક સ્થિતિ એવી નહોતી તેથી બાપુજીએ ના પાડી દીધી. એટલું જ નહીં. કૉલેજમાં ભણવા જવાની ઉંમરે કમાવા માટે ૧૯૫૮માં મારે નોકરીમાં જોડાવું પડ્યું.

ગાવાનો શોખ નાનપણથી જ. હાઇસ્કૂલમાં દાખલ થયો ત્યારે સંગીતરસિયા બે-ત્રણ મિત્રો મળ્યા. ઉત્સાહ જાગ્યો. 'મોરલ મ્યુઝિક ક્લબ' નામે એક સંસ્થા શરૂ કરી અમે. ૧૯૬૫ સુધી આ સંસ્થા ચાલી. જાહેરમાં સંગીતના કાર્યક્રમો કરીએ. હું ગાતો, ફિલ્મનાં ગીતો અને ગુજરાતી ગીતો. ઉપરાંત ઠોક–પાંચમ કરતાં કરતાં તબલાં ને ઢોલક પર ખૂબ જ સારો હાથ જામી ગયો.

આ બધું અહીં યાદ કરવાનું તાત્પર્ય એ કે લય, તાલ અને સંગીત તેમજ ચિત્રકામના મારા અનુભવોએ કોઈ ને કોઈ રીતે મારા કાવ્યસર્જનમાં ઉપકારક ફાળો આપ્યો છે.

૧૯૬૬–૬૭ના ગાળામાં અનિલ અમરેલી આવ્યો. તેનાં પિતાશ્રી રમાનાથ મારા ઑફિસર એટલે પરિચય થયો. આ પરિચય થયો ન હોત તો કદાચ હજુય હું વાર્તાઓ લખતો હોત. એ જ ચીલાચાલુ ઢંગની, અથવા કશું જ લખતો ન હોત. સંસારની ઘરેડમાં હું 'અડિયલ' બળદ છું તેને બદલે આદર્શ બળદ હોત. પહેલી મુલાકાતમાં અનિલે 'કુમાર'માં છપાઈ ચૂકેલું 'ગરિયો' કાવ્ય સંભળાવ્યું. એ અરસામાં મેં 'ચિત્રલેખા'માં છપાયેલી મારી વાર્તા 'બટ નૅચરલ' વંચાવ્યાનું યાદ છે.

એ કાળે અમરેલીમાં સાહિત્યનું કોઈ જ વાતાવરણ જ નહોતું. મને ક્યારેય મારી લાઇબ્રેરીનો લાભ મળ્યો નથી. જન્મ્યો, ભણ્યો ને નોકરીએ રહ્યો તે અમરેલીમાં જ વાર્તા કે કાવ્ય લખવાની મથામણ વખતે કોઈ સારું પુસ્તક કે કાવ્યસંગ્રહ વાંચ્યાં નથી. આજે પણ અમરેલીની લાઇબ્રેરી સારી નથી જ, એ વખતે ચોપડાનું ગોદામ હતી. વિશ્વસાહિત્યમાં ઉત્તમ પુસ્તકો તો શું ગુજરાતી સાહિત્યનાં ઉત્તમ પુસ્તકો હું વાંચી શક્યો નથી. પહેલાં લાઇબ્રેરીના અભાવે ને હવે સમયના અભાવે! મેં સૌથી વધુ કોઈ પુસ્તકો વાંચ્યા હોય તો ડિટેક્ટિવ સાહિત્યનાં!





આનો મને સતત વસવસો રહ્યો છે, આમ મારી સર્જનપ્રવૃત્તિ વિદ્યા છે અને મને એકલવ્ય હોવાનો શાપ છે!

અનિલ અમદાવાદથી અમરેલી અવારનવાર આવતો અને અમારી દોસ્તી બંધાતી રહી. થોડા મહિનાઓ પછી તો તેનો અભ્યાસ પૂરો થતાં તે અમરેલી સ્થાયી થયો. હવે અમારી ફુલટાઇમ મૈત્રી જામી. રોજ ને રોજ અનિલ કે હું નવું લખીએ, વાંચીએ, માથાફાડ ચર્ચા કરીએ, જીવલેણ ઝઘડીએ ને કાકી વઢે ત્યારે જમવા બેસી જઈએ. અનિલનાં બાને અનિલ ને હું 'કાકી' કહીએ. અનેક પ્રકારના આનંદો હતા – લખવાનો, વાંચવાનો, ચર્ચા કરવાનો, ઝઘડવાનો ને મુકત રીતે રખડવાનો ને હસવાનો આનંદ. આ આનંદ અમારા સર્જનમાં પ્રાણ પૂરતો. 'કૃતિ' ઉપરાંત બીજા મૅગેઝિનો, ખાસ કરીને શ્રી સુરેશ દલાલ અને શ્રી હરીન્દ્ર દવેના તંત્રીપદે પ્રકટ થતાં 'કવિતા' અને 'સમર્પણ'માં અનિલની ને મારી રચનાઓ છપાતી રહી. મને એક નવો નશો ચડવા માંડ્યો પ્રસિદ્ધિનો.

અનિલની 'કદાચ'ની ને મારી 'ક્યાં'ની સ્ક્રિપ્ટ તૈયાર થતી હતી તે અરસામાં અનિલે છંદમાં એક લાંબું કાવ્ય લખ્યું. મને થયું : 'હુંય લખું, વસંતતિલકામાં' ને 'કુરુક્ષેત્ર' લખ્યું.

પણ સાચું પૂછો તો સંસ્કૃત વૃત્તોની મને ગતાગમ નહીં. ગીતો ને ગઝલોના લય કાન દ્વારા શીખ્યો પણ સંસ્કૃત વૃત્તો? ના રે ભાઈ! ઘણા સમય સુધી એ શીખવાની હિંમત ન ચાલી. શ્રી સુરેશ દલાલે 'કવિતા'નો સૉનેટ વિશેષાંક પ્રકટ થવાનો હતો તે માટે સૉનેટ મોકલવા લખ્યું. બાપુ, આપણને પરસેવો વળી ગયો! કાનથી સાંભળેલા છંદમાં એક સૉનેટ ગબડાવ્યું તો ખરું પણ એ જ વખતે થયું કે, 'મોટા, આ બધા છંદો છે 'ચૅલેન્જિંગ' હો! તારું સખળડખળ નહીં ચાલે.' પછી મચી પડ્યો. નીચી મુંડીએ પાકા ઘડે કાંઠા ચડાવ્યા ને અંતે છંદમાં ખંડકાવ્યો લખાયાં - 'આલા ખાચરની સવાર' તથા 'આલા ખાચર' અંગેનો સૉનેટગુચ્છ વિવિધ વૃત્તોમાં ગઝલો.

મારા સર્જનમાં લોકગીતો ને લોકસાહિત્યનો પ્રાસ કે પાશ જે કંઈ વિદ્વાનોને દેખાય છે તે તો મારા કાનની કમાલ છે. કાનથી જે સાંભળ્યું એમાંથી જે કાંઈ સ્મૃતિમાં, સ્મૃતિમાં નહીં તો અજ્ઞાત મનમાં સંઘરાઈ રહ્યું એ ખાતર બનીને સર્જનના મૂળમાં પુરાય છે. પ્રત્યક્ષ રીતે તો, લોકગીતો કે લોકસાહિત્યનો ગંભીર કહી શકાય તેવો અભ્યાસ કદી મેં કર્યો નથી.

મારી બા અને તેમનાં સમકાલીન સમવયસ્કોના સહજ સંપર્કને કારણે મારામાં આપોઆપ ગ્રહણ થયેલ શબ્દ – શબ્દરૂપો મારી ભાષાના ખજાનામાં એકત્ર થયા છે. બા હતાં ત્યારે એમની વાતચીતમાં ક્યારેક એવો શબ્દ આવી જતો, જેનો અર્થ પણ ન જાણતો હોઉં. એ શબ્દ જ પ્રથમ વાર સાંભળ્યો હોય. ત્યારે હું શબ્દાર્થ પૂછી લેતો. ક્યારેક શબ્દ આખો નહીં, અધકચરો જ સમજાયો હોય. એવો અધકચરો શબ્દય ખજાનામાં એક ખૂણે મુકાઈ જાય. ક્યારેક એનીય જરૂર પડે. કોઈ અપૂર્વ એવા સંવેદનને અભિવ્યકત કરવા માટે એવો જ અરૂઢ



શબ્દ અરૂઢ જ નહીં નવો શબ્દ જોઈએ ત્યારે પેલો અધકચરો શબ્દ ખપમાં લાગે. તેને ધોઈ–ધકોઈ ઊજળો કરવાનો, ઝભલું–ટોપી પહેરાવવાનાં, એનાં આંખ કાન નાક ઘડીને સંપૂર્ણ બનાવી દેવાનો, ‘કૉઇન (Coin)’ કરવાને.

આટલે સુધી આવીને એટલું સમજ્યો છું કે સર્જન એ રતિ અને પીડાની બ્લૂ ફ્લેમ (ભૂરી જ્યોત) છે, જે બળે છે ને બાળે છે. આપણે તો જાણીએ છીએ કે બળવું–બાળવું સાપેક્ષ છે. કોઈ દ્રવ્ય કે પદાર્થ બળી જાય ત્યારે તેનો નાશ થતો નથી, સ્વરૂપાંતર થાય છે.

મેં કદી પતંગ ઉડાવ્યો નથી. નાનપણથી જ એ પ્રવૃત્તિમાં ક્યારેય રસ પડ્યો નથી. પરંતુ નાનપણથી તે આજ સુધી મનમાં એક ‘બાલિશ’ ઇચ્છા બળવત્તર બનતી રહી છે કે પતંગને નહીં, પતંગને બદલે મારી જાતને દોર બાંધીને ઉડાડવી છે. ‘હસવું નથી આવતું આવી ઇચ્છા પ્રકટ કરતાં! આવું તે કંઈ થાય, ગાંડા!’ – તેવા શાણપણાથી મનને ટપારીયે શકતો નથી. આવું કેમ ન થાય, તેવી મારી જ સામે હું ચૅલેન્જ ફેંકું છું! કાવ્યસર્જન એ મારી જાતને ઘેર બાંધીને આકાશમાં ઉડાડવાની પ્રવૃત્તિ છે કદાચ.

હું અનુભવું છું કે તમામ નદીઓનું ગંતવ્યસ્થાન સમુદ્ર છે તેમ મારી ચેતનાના વિવિધ સ્તરે ચાલતી ઊથલપાથલો રહસ્યમય રીતે એક જ બિન્દુ પર રહીરહીને કેન્દ્રિત થાય છે. એ બિંદુ ‘જાતને પતંગ બનાવીને કેમ ન ઉડાડી શકાય’ એ તીવ્ર સંવેદનનું બિંદુ છે અને પ્રત્યાઘાતરૂપે મળે છે નિષ્ફળતા, પરિણામે તરફડાટ, પરિણામે નવો હલ્લો કવિતાનો.

કદાચ મારી શ્રદ્ધા છે કે કાવ્યસર્જન દ્વારા કશોક ચમત્કાર બનશે ને જાતને પતંગની જેમ ઉડાડી શકાશે આકાશમાં, એથી જ કાવ્યસર્જન છોડી દેતો નથી.

આચાર્ય રજનીશ મૌન થઈ ગયા. કેટલું બોલ્યા હતા! બોલતા હતા ત્યારે નહીં, મૌન થયા ત્યારે મને એમનામાં રસ પડ્યો. કવિઓ કવિતામાં ખખડાવે છે તે મૌન કરતાં આચાર્યનું મૌન મને વિશિષ્ટ અને જુદુ લાગ્યું છે.

મૌનનો શો અર્થ હશે? શબ્દ કે વાણીનું અટકી જવું એવો? શબ્દ અને વાણીનું જ નહીં, સમસ્ત ચેતનાનું ઊર્જામાં રૂપાંતરિત થઈ જવું એવો? – ભવિષ્યમાં કલમનો ને વાચાનો ઘોંઘાટ બંધ કરીને, મૌનની દિશામાં જાઉં તો જાઉં.